
ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 2 • અંકઃ 75 • તારીખઃ 3 થી 16 નવેમ્બર, 2018

# વાતાયન

તંત્રી : ડૉ. ધીમંત પુરોહિત • સંપાદક : અલકેશ પટેલ



# કાન્તિ ભટ્ટ : એક દંતકથા



ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 2 • અંકઃ 75 • તારીખઃ 3 થી 16 નવેમ્બર, 2018

# વાતાયન

તંત્રીઃ ડો.ધીમંત પુરોહિત • સંપાદકઃ અલકેશ પટેલ

સાંકળિયું

## કાન્તિ ભટ્ટ : એક દંતકથા

1. તંત્રીલેખ - નિવૃત્તિની ક્ષણે : ડો. ધીમંત પુરોહિત

•

2. કાન્તિ ભટ્ટ : ક્લોઝ અપ

3. કાન્તિ ભટ્ટ : એક લીજેન્ડરી લેખક - પત્રકાર

4. કાન્તિ ભટ્ટ : ખાસ મુલાકાત : દેવાંશુ દેસાઈ

•

5. સંઘર્ષથી સિદ્ધિના સ્વશિલ્પી : અલકેશ પટેલ

6. કલમ વિરામ : રોહિત શાહ

7. શબ્દનિવૃત્તિની વેળાએ : ડો. શિરીષ કાશીકર

8. કાન્તિ ભટ્ટ એક્સપ્રેસ : જ્વલંત નાયક

9. કાન્તિ ભટ્ટ એક સીમાસ્તંભ : રજની અગ્રાવત

•

10. છેલ્લો લેખ : કાન્તિ ભટ્ટ

•

મેગેઝીન ડિઝાઈનઃ હર્ષલ ગિલ્ડર

- પ્રકાશકઃ ડો.ધીમંત પુરોહિત, www.newzviewz.com
- આપની કૃતિ મોકલવા માટે ઈમેલ એડ્રેસ :
  dhimantaajtak@gmail.com
- અવલોકન માટે પુસ્તક મોકલવાનું સરનામું :

Communicators, 509, Shivalik High Street, near Mansi Circle,
Vastrapur, Ahmedabad : 380015. Mobile : +91 98798 10101



# તંત્રીલેખ • નિવૃત્તિની ક્ષણે • ડો.ધીમંત પુરોહિત

**'ચેતનાની ક્ષણે'ના લેખક – પત્રકાર કાન્તિ ભટ્ટ જીવતે જીવ કલમ હેઠી મુકીને, પાંચ દાયકાના એમના પત્રકારત્વ બાદ ૮૭ વરસની ઉંમરે નિવૃત્તિ જાહેર કરતા હોય, એ ગુજરાતી પત્રકારત્વની એક અભૂતપૂર્વ ઘટના છે. એક માઈલ સ્ટોન છે. સામાન્ય રીતે આપણે ત્યાં છાપામાં કામ કરતા પત્રકાર ૫૮, ૬૦ કે ૬૨ વરસે નિવૃત્ત થતા હોય છે, પણ લેખકને આવી કોઈ વયમર્યાદા નિવૃત્તિ માટે નથી હોતી. લેખક તો જેમ દરજી જીવે ત્યાં સુધી સીવે તેમ જ અંતિમ શ્વાસ સુધી લખે રાખે. પરંતુ કાન્તિ ભટ્ટે 'ભાસ્કર'ની એમની દૈનિક કૉલમમાં જાતે જાહેર કર્યા મુજબ.**

> " દિવ્ય ભાસ્કર"નાં વ્હાલા વાચકો, મારી કટાર નિયમિત, પ્રેમપૂર્વક અને શ્રધ્ધાપૂર્વક વાંચવા બદલ આપ સૌનો આભારી છું. પણ હવે ૮૭ વર્ષની ઉંમરે પક્ષાઘાત થયો છે, ડિમેન્શિયા થયો છે. હવે હું આપ વાંચકોનો સંપર્ક કરી શકીશ નહિ. મને માફ કરજો અને આ બ્રાહ્મણને આશીર્વાદ આપશો. તમારા આશીર્વાદ મને ૧૦૦ વરસ જીવાડશે. જીવીશ પણ લખી શકીશ નહિ."

**૨૦૦૬મા કાન્તિ ભટ્ટને વજુ કોટક ચંદ્રક મળ્યો ત્યારે મંડાયેલા એક અંદાજ મુજબ, ત્યાં સુધીમાં કાન્તિ ભટ્ટના કુલ લેખોની સંખ્યા ૪૦,૦૦૦થી વધુ હતી. એમાં બીજા ૧૨ વરસ ઉમેરીએ તો બીજા ઓછામાં ઓછા ૧૦,૦૦૦ એટલે, કાન્તિ ભટ્ટના નામે ૫૦,૦૦૦ થી વધુ લેખોનો રેકોર્ડ બોલે છે. ૫૦ વરસમાં ૫૦,૦૦૦ એટલે, વરસના ૧૦૦૦ અને રોજના સરેરાશ ૩ લેખ. આ બધાના પાછા વિવિધરંગી વિષયો. ગુજરાતી જ નહીં, ભારતીય ભાષાઓ કે વિશ્વની ભાષાઓમાં પણ આ રેકોર્ડ તોડવો અઘરો છે. આજના ગુગલ જર્નાલિઝમના પત્રકારો માટે તો એ કલ્પના કરવી જ અઘરી થઈ પડે કે, ગુગલ વગર કોઈ માહિતી લેખ લખી જ કઈ રીતે શકાય. ત્યારે કલ્પના કરો કે, ગુગલ પૂર્વેના ઈન્ટરનેટ પૂર્વેના જમાનામાં એક એક લેખ લખવા કાન્તિ ભટ્ટે કેટ કેટલાં છાપાં, મેગેઝીનો અને ચોપડા ઉથલાવ્યા હશે, મગજનું દહીં કર્યું હશે, આંખો ફોડી હશે અને આંગળા-અંગુઠો લાલ થઈ જાય ત્યાં સુધી કાગળ ઉપર પેનો ઘસી હશે અને વર્ષોનાં આ પરિશ્રમને કાન્તિ ભટ્ટ બ્રાન્ડનું – કોપી પેસ્ટ – ચોરિયોગ્રાફી – જર્નાલીઝમ કહેનારા પણ આપણે ત્યાં છે.**

**હકીકતે, આ જ ગુજરાતની ખાસિયત છે. કોઈને મહાન નહિ થઈ જવા દેવાના. એક પ્રકારની થેન્કલેસનેસ. એ 'વીસમી સદી' સામાયિકનાં અધિપતિ હાજી મહંમદ અલારખા શિવજીનાં કરુણાંતથી માંડીને કાન્તિ ભટ્ટની કોઈ ઝાઝી નોંધ લેવાયા વિનાની નિવૃત્તિ સુધી એક સરખી ગુજરાતી ઢબે ચાલી આવે છે.**

જો કે આ વાત માત્ર લેખન અને પત્રકાત્વને જ લાગુ નથી પડતી. એકને બાદ કરતાં, જીવનના બધા જ ક્ષેત્રોમાં ગુજરાતમાં આ જ નિરાશાજનક સ્થિતિ છે. ગાંધી પહેલીવાર મો.ક.માંથી મહાત્મા ત્યારે જ બની શક્યા, જ્યારે એ કાઠીયાવાડ – ગુજરાત છોડીને આફ્રિકા ગયા. મારી દ્રષ્ટીએ એ બીજીવાર પણ મહાત્મા ત્યારે જ બની શક્યા જ્યારે ૧૯૩૦માં અમદાવાદ – ગુજરાત છોડી ગયા. ધીરુભાઈ અંબાણીએ ચોરવાડ ના છોડ્યું હોત તો આજે રિલાયન્સ હોત? મોદી અને અમિત શાહની પ્રગતિ જોજો, એ ગુજરાત છોડ્યા પછીની જ છે. ટાગોર જો ગુજરાતમાં જન્મ્યા હોત, તો નોબેલ પ્રાઈઝ સુધી પહોંચવાને બદલે સાહિત્ય પરિષદ અને સાહિત્ય અકાદમીના કકળાટમાં જ જીવન પૂરું કર્યું હોત. કસ્તુરભાઈ લાલભાઈ અને અંબાલાલ સારાભાઈ જેવા મહાન ઉદ્યોગપતિઓ આ ગુજરાતમાં થઈ ગયા, આજની પેઢીમાંથી કેટલાને એમના નામ પણ યાદ છે?

વાઈબ્રન્ટ ગુજરાતની એક બીજી વરવી બાજુ છે – મનનો કબજીયાત. કોઈના વિષે બે સારા શબ્દો આપણા ગુજરાતીના મ્હોમાંથી ના નીકળે. એક જ કારણસર – આપણા કારણે કોઈ મહાન ના થઈ જવું જોઈએ – એ જ મનોવૃત્તિ.

હા, એક અપવાદ છે આમાં, ધાર્મિક ક્ષેત્રનો. મોરારી બાપુ ગુજરાતમાં રહ્યા છતાં મહાન થઈ ગયા છે. ધર્મના ક્ષેત્રમાં ગુજરાતીઓ જ નહિ, બહારથી પણ અહીં આવીને મહાન થયાના ઉદાહરણ છે. સહજાનંદ સ્વામી અયોધ્યા નજીકના છપૈયાના, સ્વામિનારાયણ ભગવાન થયા, ગુજરાત આવીને.

જવાદો આ બધી વાત, આપણે તો કાન્તિ ભટ્ટને મહાન બનાવીશું, એમનું જીવતે જગતિયું ઊજવીને.



# કાન્તિ ભટ્ટ : ક્લોઝ અપ

નામઃ કાન્તિ ભટ્ટ

જન્મઃ 15 જુલાઈ, 1931

વતનઃ ઝાંઝમેર

હુલામણું નામઃ બચુ

માતા-પિતાનું નામઃ પ્રેમકુંવર – હરગોવિંદદાસ

જીવનમાં પ્રથમ વાંચેલું પુસ્તકઃ સરસ્વતીચંદ્ર

પ્રથમ લેખઃ આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ માટે વ્યાપારમાં

વ્યસનઃ ખાસ નહીં

લખવા માટે ચોક્કસ વાતાવરણ જોઈએઃ ના...

સૌથી વધુ ભાવતું ભોજનઃ અડદની દાળ,

બાજરાનો રોટલો અને રીંગણાનો ઓળો.

મનપસંદ પીણું : જાડી છાશ

કઈ બાબતની સૌથી વધુ ચીડઃ સામાન્ય વાતચીતમાં લોકો એકબીજાની વાત

કાપે અથવા ખોટી દલીલો કરે એની.

તમારી નબળાઈઃ કોઈ લેખ લખવા આમંત્રણ આપે તો પાડી શકતો નથી.

એકલતા દૂર કરવા શું કરોઃ એકલતા ખૂબ જ ગમે. કોઈ મળવા ન આવે એ

દિવસે તો ખૂબ ગમે.

હૉબીઃ સંગીત. મનને ગમે એવું કોઈ પણ પ્રકારનું સંગીત.

ફોબિયાઃ બીમાર પડવાનો.

સ્વભાવઃ પહેલાં ગુસ્સાબાજ હતો. હવે કંટ્રોલમાં છે.

અભાવઃ જીવનસાથી વિના એકલા રહેવું પડે એ.

લખવા માટે મનગમતો વિષયઃ ખેતીવાડી.

જીવનમાં પ્રિય વ્યક્તિઃ ડૉ. પંકજ નરસ

જીવનમાં પ્રેરણાદાયી વ્યક્તિઃ વ્યક્તિ કોઈ નહીં. હા, એક પુસ્તક છે

કેદારનાથનું – વિવેક અને સાધના.

# કાન્તિ ભટ્ટ : એક લીજેન્ડરી લેખક - પત્રકાર



મૂળ ભાવનગર પાસેના ઝાંઝમેર ગામના કાન્તિલાલ હરગોવિંદ ભટ્ટ બાળપણથી જ અભ્યાસના શોખીન. ઝાંઝમેરની શાળામાં તેમજ પંચાયત ગૃહમાં પુસ્તકાલય હતાં તેનો પૂરો લાભ તેઓ લેતા. પ્રાથમિક શિક્ષણ પછી તેઓ મહુવાની મનજી નથુ હાઈસ્કૂલમાં મેટ્રિક સુધી ભણ્યા. પત્રકારત્વનો સળવળાટ પહેલેથી હોવાને કારણે જ એ ગાળામાં તેમણે ઝંકાર નામનું હસ્તલિખિત સામયિક શરૂ કર્યું હતું. વેકેશનમાં ગ્રામ પંચાયત, સહકારી મંડળીનાં કામો શીખવાનો પ્રયાસ કરતા તે ઉપરાંત ખેતીના વિવિધ કામોમાં પણ હાથ અજમાવવાનું ચૂકતા નહીં.

શિક્ષક પિતાની આર્થિક હાલત સારી ન હોવાથી કાન્તિભાઈએ કાકાની સહાયથી વડોદરા જઇને બી.કૉમ. નો અભ્યાસ કર્યો. ઇન્ટર કોમર્સ સુધી ગુજરાતી વિષયો હતા અને દરેક પરીક્ષામાં ડિસ્ટિંક્શન સાથે પાસ થતા. તેમને ભણીને આમ તો પ્રોફેસર થવું હતું અને સાથે ખેતીવાડી કરવી હતી, પરંતુ મોટાભાગના લોકોના જીવનમાં બને છે એમ કાન્તિ ભટ્ટે પણ પોતાની અનિચ્છાએ મલેશિયા જવું પડ્યું.

તે અગાઉ વડોદરામાં અભ્યાસ દરમિયાન કાન્તિભાઈને અલ્સરેટિવ કોલાઇટિસ થયું હતું. તેની સારવાર તેમણે નિસર્ગોપચાર દ્વારા લીધી હતી અને ત્યારથી આજે સુધી તેઓ કુદરતી સારવાર પદ્ધતિના પ્રખર સમર્થક રહ્યા છે. 1942માં કિશોરવયે સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લીધો ત્યારથી સાદાઈ અને સ્વદેશી વિચારોનો પ્રભાવ રહ્યો.

મલેશિયાથી પરત આવ્યા પછી જન્મભૂમિ જૂથમાં વ્યાપારમાં પત્રકારત્વની કામગીરી શરૂ કરી. 1967થી 1971 સુધી ફરજ બજાવી પરંતુ ત્યારબાદ નોકરીના કલાકોમાં બંધાઈ રહેવાનું માફક ન આવતાં ફ્રીલાન્સ પત્રકારત્વનો માર્ગ પકડ્યો. આચાર્ય રજનીશ, જે કૃષ્ણમૂર્તિ તેમજ બનારસ હિન્દુ યુનિવર્સિટીના સંસ્કૃતના પ્રોફેસર પંડિત ત્રિલોકચંદ વગેરેના સંપર્ક અને સત્સંગને કારણે અધ્યાત્મનો રંગ પણ લાગ્યો. આ દિશા માટે પંડિત કેદારનાથનું પુસ્તક વિવેક અને સાધના – ભારે અસરકારક સાબિત થયું. આ દરમિયાન વિશ્વસાહિત્યના વાચને પણ કાન્તિ ભટ્ટની જ્ઞાનસમૃદ્ધિમાં ઉમેરો કર્યો.

અધ્યાત્મ અને જ્ઞાનથી તરબતર કાન્તિભાઈએ પત્ની શીલા ભટ્ટનાં સૂચનથી ચેતનાની ક્ષણે કૉલમ શરૂ કરી જે અભિયાન સામયિકમાં અને ત્યારબાદ મિડ-ડે દૈનિક સહિત અન્યત્ર પ્રકાશિત થતી રહી, વંચાતી રહી. મહાનુભાવોના ઇન્ટર્વ્યુ હોય કે પછી અન્ય કોઇપણ વિષય હોય – કાન્તિભાઈની કલમનો રસાસ્વાદ લાખો ગુજરાતીઓ વર્ષો નહીં, દાયકાઓથી કરતા રહ્યા છે. તેમનું વિષય વૈવિધ્ય વિજ્ઞાનથી શરૂ કરીને ટેકનોલોજી, કૃષિ, સમાજજીવન, ક્રાઇમ, મેડિકલ, વૈકલ્પિક ઉપચાર પદ્ધતિઓ, અધ્યાત્મ અને ક્યારેક રાજકારણ સુધી વિસ્તરેલું છે. કાન્તિભાઈ સાથે જોડાયેલાં રહીને પણ પત્ની શીલા ભટ્ટે પત્રકાર તરીકેની એક અલગ ઓળખ, એક અલગ કેડી કંડારી. દીકરી શક્તિ ભટ્ટ પણ પિતાના પગલે પત્રકાર બની.

(સૌજન્ય : ચિત્રલેખા વિશેષાંક 6 ઑક્ટોબર, 2006)



# કાન્તિ ભટ્ટ : ખાસ મુલાકાત

## દેવાંશુ દેસાઈ

છેલ્લાં 37 વરસથી રોજના ચારથી પાંચ લેખને હિસાબે ચાલીસેક હજાર લેખ લખનાર કાન્તિ ભટ્ટનું નામ ગુજરાતી જર્નાલિઝમમાં બ્રાન્ડનેમ બની ગયું છે. ઝાંઝમેરથી ઝામ્બિયા અને અમરેલીથી અમેરીકા સુધી દુનિયાના પાંચેય ખંડમાં ફેલાયેલા ગુજરાતી વાચકોને કાન્તિ ભટ્ટની ઓળખાણ આપવી ન પડે.

દુનિયાભરની જાતજાતની વાતો દુનિયાભરમાં ફેલાયેલા ગુજરાતીઓ સુધી પહોંચાડનારા કાન્તિ ભટ્ટ ત્રીસ વરસની ઉંમરે સાધુ બનવા મલેશિયાથી મુંબઈ આવ્યા હતા, પણ 26 સપ્ટેમ્બર, 1966ના દિવસે અચાનક જ પત્રકારત્વ તરફ વળી ગયા અને પછી એક ઈતિહાસ સર્જાઈ ગયો... પછી તો ગુજરાતી પત્રકારત્વમાં એક રૂઢિપ્રયોગ પ્રચલિત થયો કે કાન્તિ ભટ્ટ ટાઈપનું જર્નાલિઝમ..

આજે આયુષ્યના 76મા વરસે પણ સવારે પાંચ વાગે ઊઠીને છના ટકોરે લખવા બેસી જતા કાન્તિ ભટ્ટ ત્રણ કલાકમાં બે લેખ લખે તો જ એમને જંપ વળે છે. હજી નવું માસિક શરૂ કરવાની અબળખા ધરાવતા કાન્તિ ભટ્ટ કડેધડે છે. બોરીવલીના ક્ષિતિજ એપાર્ટમેન્ટના સાતમા માળે એમના બે બેડરૂમના ફ્લેટમાં પાંચેક હજાર પુસ્તક અને હજાર જેટલી સંદર્ભ ફાઈલના ઢગલા વચ્ચે રહેતા કાન્તિભાઈને 25 સપ્ટેમ્બર, 2006 ની મુંબઈની વરસાદી સાંજે મળવા અમે પહોંચીએ છીએ.

યોગાનુયોગ એ સાંજે કાન્તિભાઈના જર્નાલિઝમ પ્રવેશને 40 વરસ પૂરાં થતા હતા. ( પત્રકારત્વ પ્રવેશઃ 26 સપ્ટેમ્બર, 1966).

ઘરમાં હોય ત્યારે હંમેશાનો પહેરવેશ સફેદ લુંગી પહેરીને બેઠેલા કાન્તિભાઈ સાથે અમે બે ટુકડે મુલાકાત કરી. ગયા મહિને અમેરિકાના પ્રવાસ દરમિયાન બધા જ દાંત પડાવી નાખનારા કાન્તિભાઈનો ચેહરો અગાઉ કરતા વધુ મીઠડો લાગે છે.

પ્રસ્તુત છે માહિતીના મહારાજા કાન્તિ ભટ્ટ સાથેની વાતચીતના અંશ...

ચિત્રલેખાઃ કાન્તિભાઈ, તમે કેટલા લેખ લખ્યા? વીસ હજા, ત્રીસ હજાર, શીલા ભટ્ટ ચાલીસ હજાર કહે છે, સાચો આંકડો શું?

કાન્તિ ભટ્ટઃ સાચા આંકડા માટે તો મારે તો તમારે ગણિત માંડવું પડે. નાનો હતો ત્યારે ભાવનગર સમાચારમાં લખતો. મલયેશિયાથી લંડન મેટલ એક્સચેન્જમાં અહેવાલ લખીને મોકલતો. એ બધાને ગણીએ તો 1967માં જન્મભૂમિમાં મહિને દસ



ચિત્રલેખામાં આઠથી દસ લેખ અને હા, જનશક્તિમાં પણ લખતો. સિત્તેર-એંસીના દાયકામાં મહિનાના સરેરાશ પંચાવન લેખ અને થોડાં વરસથી મહિનાના 40-42 લેખ...એ હિસાબે ચાલીસથી પિસ્તાલીસ હજાર લેખ લખાયા હશે એમ કહી શકું.

આટલા બધા લેખમાંથી સૌથી યાદગાર લેખ ક્યો? ક્યા વિષય પર વધુ લખ લખ કરવું ગમે?

લેખકને તો બધા જ લેખ પ્યારા. ફ્રિલાન્સર તરીકે જીવવા માટે હન્ડ્રેડ પર્સન્ટ લેખ લખવા પડે. (મારે અહીં ફરી હરકિસનભાઈને યાદ કરવા પડે.) લેખ લખતી વખતે પ્રથમ વાચકને નજર સમક્ષ રાખવો પડે અને બીજા તંત્રીને. પહેલા હું જ્યારે ચિત્રલેખાનો લેખ લખવા બેસતો ત્યારે પીઠ પાછળ હરકિસનભાઈનું જીવતું ભૂત ઊભું હોય. હવે માથે ભરત ઘેલાણી ધૂણે છે...ચિત્રલેખા માટે વરસો પહેલાં કોકા કાલાનો લેખ આજે પણ યાદ છે. ખૂબ ઊંડા સંશોધન અને મહેનતથી તૈયાર કર્યો હતો.

અને એવો ક્યો વિષય બાકી છે, જેના વિશે આજ દિન સુધી લખાયુ ન હોય?

સેલ ટેક્નોલોજી અને બાયો ટેક્નોલોજી. અત્યારે આ બે વિષય છે જેના પર થોડું લખ્યું છે, પણ હજી ખૂબ લખવું છે. કદાચ વાચકોને આવા લેખ માટે રૂચિ નહીં હોય એમ વિચારીને લખતો નથી. થોડા સમય પહેલા એક અખબાર ફિડેલ કેસ્ટ્રો વિશે લખ્યું ત્યારે આવું જ વિચારતો હતો. પણ વાચકોને લેખ ખૂબ ગમ્યો હતો.

તમારા કહેવા પ્રમાણે નાની ઉંમરથી લખો છો તો જર્નાલિઝમમાં (36 વસરની ઉંમરે) મોડો પ્રવેશ કેમ કર્યો?

મારે લેખક થવું હતું. પણ કાકાએ ભણાવ્યો એટલે કોલેજ પૂરી થતા મલયેશિયા બોલાવી વેપારમાં જોતરી દીધો. 1962માં પાછો આવ્યો. માનસિક રીતે ભાંગી પડ્યો હતો. આખું ભારત ફર્યો. આશ્રમ-માણસો બધા પ્રત્યે વૈરાગ્ય આવ્યો. ઋષિકેશ જઈને બાવો બનવાની તૈયારી કરતો હતો ત્યા મારી બહેને મને રોક્યો. ચોપાટીના દરિયાકિનારે ફરવા ગયો. ત્યા તત્તકાલીન ખાદી પંચના ચેરમેન (જીવરાણીકાકા) મળ્યા. ઉરૂલીકાંચન ગયો ત્યારની ઓળખાણ હતી. મને પૂછ્યુઃ કાન્તિ, શું કરે અહી? મે કહ્યુઃ મુંબઈ આવ્યો છું, જવુ છે હ્રષીકેશ, પણ બહેને રોક્યો છે. જીવરાજાણીકાકા કહેઃ યુનાઈટેડ કોમર્શિયલ બેન્કમાં ઓફિસરની નોકરી છે. કોરા કેન્દ્રમાં પણ મેનેજરની પોસ્ટ ખાલી. મહિને છ હજાર પગાર અને ગાડી મલશે. મે પૂછ્યું પછી? એ કહેઃ શાંતિલાલ શાહ જન્મભૂમિ ટ્રસ્ટમાં ટ્રસ્ટી છે. ત્યાં ઉપતંત્રીની નોકરી ખાલી છે. મહિને માત્ર બસ્સો રૂપિયા મળશે. મેં કહ્યું - બસ, મને આ જ જોઈએ, આમ 26 સપ્ટેમ્બર, 1966ના દિવસે વિધિવત્ રીતે મુંબઈમાં પત્રકાર તરીકે મારો જન્મ થયો.

તમે ખૂબ રઝળપાટ કરી, હજારો લોકોને મળી હજારો પુસ્તક વાંચી હજારો લેખ લખ્યા. દુનિયાભરમાં હર્યા-ફર્યા. કીર્તિ અને (પાછલી ઉંમરે) કલાદર પણ મળ્યા. તેમ છેતા 76મે વરસે જીવનમાં કોઈ અધૂરપ લાગે છે કે પછી ધારવા કરતા ઈશ્વરે ઘણું આપ્યું હોય એવું લાગે છે?

ના...ના, બેય વસ્તુ છે. માણસ જો સંતાષી હોય તો માણસ ન કહેવાય. મારો અસંતોષ રચનાત્મક છે. મને નિસર્ગોપચારની મોડેથી ખબર પડી. હજી ખૂબ ખૂબ જર્નાલિઝમ કરવું છે. આજે એવી અબળખા છે કે મારે પાકિસ્તાન જવું છે. ત્યા જાઉં તો જરૂર દાઉદ ઈબ્રાહિમને મળું પણ દાઉદ પણ સામેથી મને મળે. ઉસામા બિન લાદેનને પણ મળવાની કોશિશ કરૂ છું. આવું ભૂતકાળમાં ઘણુ કર્યું છે. પત્રકારોએ તો સેતાનને પણ મળવાનું. બસ, બીજો અસંતોષ નથી. કદી જાતને બચાવી નથી. જાત બચાવીને તો પત્રકારત્વ થઈ જ ન શકે.

મતલબ કોઈ અધૂરપ નથી?

હવે અધૂરપ નથી. પણ શરીર કામ આપતું નથી. મને તો ખૂબ કૂદકા મારવા તૈયાર છે. મેં ખેતીવાડી કરી એના અનુભવને આધારે લખું છું. વેપાર કર્યો છે. વેપાર વિશે પણ અનુભવથી લખી શકું છું. સેક્સની બાબતમા મારૂ વાંચન વિશાળ છે(ખડખડાટ હસે છે) અને એમા નિષ્ણાત પણ છું એટલે વિવિધ રોગ પર લખી શકું છું નિસર્ગોપચારમાં ડોક્ટર તરીકે કામ કર્યું હતું એટલે વિવિધ રોગ પર લખી શકું છું ફિલ્મ વિશે લખી શકું, પણ હવે એ શક્ય નથી, છતા આજે પણ જે ફિલ્મ ગમે એના પર લખું જ છું.

તમે હજારો લોકોને મળીને એમના વિશે, સમાજ વિશે, અવકાશ, વિજ્ઞાન અસંખ્ય વિષય વિશે હજારો સ્ટોરી કરી, પણ વાચકોને તમારી અંગત વાતો જણાવી છે... તમારા વિશે જાણવું છે...

(વચ્ચેથી અટકાવીને) મારે પણ ઘણું કહવું છે. મારે આત્મકથા લખવી છે. ચિત્રલેખાના આમંત્રણની રાહ જોઉં છું. મારે બધું જ પ્રમાણિકતાથી લખવું છે. પ્રેમનાં લફરા કર્યા હોય, ક્યારેક ખોટું બોલ્યો હોઉં તો એ... કદી ચોરી કરી કે લાંચ લીધી નથી. કલમને બિલકુલ વેચી નથી. કદી સોદાબાજી કરી નથી.

કાન્તિભાઈ, ગુજરાતી પત્રકારત્વમાં તમે દંતકથા બની ચૂક્યા છો, પણ ધારો કે પત્રકાર ન બન્યા હોત તો આજે તમે શું હોત?

તો તો આજે હું બાવો હોત. હવે આજે પણ મારી પાસે બાવા બનવાનો જ વિકલ્પ પહ્યો છે. પણ જુદા જ પ્રકારનો બાવો હોત, જેવો અનોખો પત્રકાર એવો જ અનોખો બાવો. બોવા એટલે ભગવા કપડા પહેરીને પહે એવો નહી.

મતલબ, આજે પત્રકાર કરીકે કલમ અટકાવી દો તો બાવા બની જાઓ?
હા. ક્યાંક ગામડામાં જઈને રહું. શાકભાજી ઉગાડુ. લોકોને ઉપયોગી થાઉં.

તમે આજકાલ વારંમવાર નિવૃત્તિ લેવાની કે સાધુ બનવાની વાત લખો છો. ખરેખર કોઈ પ્લાન છે?

નિવૃત્તિ તો હું વિચારૂ તો પણ લઈ ન શકું. પ્રારબ્ધ-નસીબમાં માનું છું. અત્યારે તો એક એવી અબળખા છે. કદાચ એ વિચિત્ર અનુભવ ભગવાન મોડો મોડો કરાવે. હું મરી જઈશ. અહીંથી પ્રાણ ઊડી જશે, પણ મારો પ્રાણ છે એમાંથી પત્રકારત્વ નહીં જાય. ભગવાન જેવું કંઈ હોય તો હું  એનો ઈન્ટરવ્યુ લઈશ. મારો પ્રાણ એનો ઈન્ટરવ્યુ લેશે.

(બોખા મોઢે બાળક જેવું નિર્દોષ હાસ્ય કરે છે.)

તમે જે લે લખ્યા એમાં ચિક્કાર સંશોધન છે. લેગવર્ક છે. પણ વચ્ચે એવો તબક્કો હતો, જ્યારે ઘણા પત્રકાર-વાચકો રહેતા, કાન્તિ ભટ્ટ ફોરેનરનાં મેગેઝિન-પેપરમાંથી ઉઠાંતરી કરીને બધું લખે છે. એ વિશે કંઈક કહો...

મારે મુક્ત પત્રકાર એટલે કે ફ્રિલાયન્સર તરીકે જીવવાનું હતું. ચારે બાજુથી ફરમાશ હતી. ચિત્રલેખામાં ઘણી વાર એકસાથે ચાર લેખ છપાતા, જેમા એક લેખ મેગેઝિન પ્રમાણે લખવો પડે, બાજો લેફ્ટ-રાઈટ, લેફ્ટ-રાઈટ કરીને ખૂબ મહેનતથી લખવો પડે, ત્રીજો લેખ મારા મગજમાથી ઉપજાવીને કલ્પનાથી લખેલો હોય અને ચોથો લેખ એ જીવંત સ્ટોરી હોય. કોઈ માણસની વાત હોય, પણ આમા સૌથી વધુ 80 ટકા લેખ લેગવર્ક કરીને પરિશ્રમથી લખ્યા હોય છે. મને યાદ છે, 1967-68માં ટાઈમ, ન્યઝ વીકના લેટેસ્ટ અંક આવે એ હરકિસનભાઈ વરિષ્ઠ પત્રકાર વિજયગુપ્ત મૌર્યને મોકલતા અને એના પરથી વિજયભાઈ પોતાના અનુભવો-શૈલીને આધારે દુનિયાનું રાજકારણ અને સાંપ્રત વિષય પર માહિતીપ્રદ બળકટ લેખો લખતા. એ જ પ્રમાણે મારી પાસે તો ત્યારે તો ત્યારે વીસ દેશમાં ફરવાનો અનુભવ હતો. (સહેજ ઉત્તેજિત

થઈ જાય છે) માત્ર ટ્રાન્સલેશન કરવાથી પ્રખ્યાત થવાતું નથી. એમાં તમારી દ્રષ્ટિ, અનુભવ, મહેનત, તમારો ડંખ, તમારો પોતાનો વ્યુ અને શૈલી જોઈએ. જે લોકો વાતો કરે એને હું એક મેગેઝિન આપું. એમાંથી એ લેખ તૈયાર કરે અને હું લખું . બન્ને લેખમાં ઘોડા-ગધેડાનો ફરક હશે. (થોડી સેકન્ડ થોભે છે) મારા સાઠ લાખ વાચક છે એને આ બધી વાતો સાથે કંઈ લાગતુંવળગતું નથી. તેં જે પ્રશ્ન પૂછ્યો એ તો પાંચ-સાત પત્રકારોનો છે, જેને મહેનત કરવી નથી. મારે એમને શું કામ જવાબ આપવો જોઈએ? છતાં તને આપું છું. તને ભૂખ લાગી છે. હું અહીં થાળી પીરસું છું. તું ચાટી ચાટીને ખાઈ જાય છે. હું ભલે ભોજન ચોરી કરીને લાવ્યો હોઉં. પણ તને તો પ્રેમથી ખવડાવ્યુંને, બસ!

**ઘણા જાણીતા લોકો કાન્તિ ભટ્ટ સાથે સાચવીને વાત કરે. કેટલીક વાત જાણ્યા પછી કાન્તિ ભટ્ટ આપણા નામે કંઈ પણ લખી નાખે એવી ઘણા ફરિયાદ કરે છે. એનો કોઈ ખુલાસો છે?**

એ તો કરવું જ પડે. ઘણાને કહું છું, જો હું લખીશ મારી સાથે વાત કરતી વખતે સંભાળીને જવાબદારીપૂર્વક વાત કરવી પડે. મારે મારા લેખને આધારભૂત બનાવવો પડે. ખરેખર તો લોકોને ટાંકીને હું એમના માન વધારું છું

**પત્રકાર તરીકે જન્મ થયો એ અરસામાં તમને કોલાઈટિસ થયો હતો. આંતરડાંની પીડા છતાં થોકબંધ લખ્યું. 37 વરસ સુધી...દિવસ-રાત દોડધામ કેવી રીતે કરી?**



કોલાઈટિસ તો મને 1950માં ઈન્ટર આર્ટ્સમાં ભણતો ત્યારે થયો હતો. મારા કાકા મને કોલેજ માટે પૈસા મોકલાવે એમાંથી હજાર રૂપિયા બચાવ્યા હતા. એ જમાનામાં હજાર રૂપિયામાં લગ્ન થઈ જતા. મારા બાપા ધામધૂમથી લગ્ન કરવા માંગતા હતા એની મારા પર અસર થઈ. ઉપરાંત, લગ્નમાં આવેલા જાનૈયાઓએ અમને ખૂબ હેરાન કર્યા. પરિણામે મને ખીજ ચડી. ગુસ્સામાં ખૂબ મોહનથાળ ખાઈ ગયો એટલે મરડો થઇ ગયો. ધ્યાન ન આપ્યું એટલે મરડો જુનો થઇ ગયો. 1952ની વાત. બી.કોમ.ની પરીક્ષામાં તો સાવ મરવા જ પડ્યો હતો. એ સમયે સણોસરામાં સર્વોદય સંમેલન ભરાયું હતું. એમાં નિસર્ગોપચારને લગતું પ્રદર્શન હતું. ત્યારે મને જીવનમાં પ્રથમ વાર નિર્સગોપચારની જાણ થઇ. મેં ઉરુલીકાંચન કાગળ લખ્યો. મેનેજર કૃષ્ણચન્દ્રે વળતી ટપાલમાં લખ્યું, અહીં આવી જાઓ. ઉરુલીકાંચન ગયો અને ત્યાં મને જીવનની નવી દ્રષ્ટિ મળી. મારા ફાધર કાકા પાસેથી પૈસા લે એ ગમે નહીં એટલે ઉરુલીકાંચનમાં જ મહિને 56 રૂપિયાના પગારે નોકરીએ રહી ગયો. ત્યારે ખાદી પહેરું. ટૂંકી ચડ્ડી અને માથે મૂંડો. ચાર વર્ષ વહી ગયા. કાકાને લાગ્યું, હું બાવો થઇ જઇશ એટલે મને મલેશિયા બોલાવી લીધો.

કાકા અને મલેશિયા વિશે ઘણી કડવાશભરી વાતો પણ અવારનવાર લખો છો...

- આમાં પોઝીટીવ અને નેગેટીવ બન્ને વાત છે. પોઝિટિવ વાત એ કે કાકાએ રિનાંગમાં બોલાવ્યો. જગતને જોવાની દ્રષ્ટિ વિશાળ થઇ. પણ મારે કાકાએ પસંદ કરેલી છોકરી સાથે પરણવું પડ્યું. આ પરાધીનતાને કારણે બન્યું. દ્રષ્ટિ વિશાળ કરવા માણસે પરાધીન હોવાની જરૂર નથી. જગત જોવા દ્રષ્ટિ પરાધીન બનાવવાની જરૂર નથી. એમ ને એમ આંખો મીંચો તો પણ જગત દેખાય. પિનાંગ ગયો એનો લાભ-ગેરલાભ બન્ને છે. ચાલો...આજની પ્રેકટિકલ દુનિયામાં લાભ ગણીએ. આ બિઝનેસ ગઠરિયા કૉલમ લખું છું તો એ પિનાંગના અનુભવને આભારી છે.

ગેરલાભ શું થયો?

- કાકાએ પસંદ કરેલી છોકરીને પરણવું પડ્યું. ત્યાં સત્યાનાશ થઇ ગયો, પણ પરણવું પડ્યું એનો લાભ એ ગણું કે ફિલોસોફર બન્યો. ચેતનાની ક્ષણે લખતો થયો.

કાન્તિભાઇ, કેટલા લગ્ન કર્યા? બે કે ત્રણ?

- પહેલા મેરેજ થયા એની વાત કરીએ, જેમાં હું 47 વરસનો થયો ત્યારે છૂટાછેડા મળ્યાં. બીજાં લગ્ન થયા પૂનાની વણિક કુંટુંબની છોકરી સાથે. એ વિષે આજ સુધી કોઇને કહ્યું નથી. તને વાત કહું છું. મારી બહેન પૂના રહેતી. ત્યાં નજીકમાં વણિક કુટુંબની એક કન્યા અમેરિકાથી પાછી ફરી હતી. ખૂબ દેખાવડી હતી. મને ખૂબ ગમતી. અમે ઓફિશિયલી લગ્ન ન કર્યાં. વિનોબા ભાવેના ભાઇ બાલકોબા ભાવેને મળવા ગયો. એમણે આશીર્વાદ આપીને કહ્યું જાઓ, આજથી તમે પતિ-પત્ની. અમે મુંબઇ આવ્યાં. થોડા દિવસ પછી ખબર પડી કે આ તો પાગલ છે. એક દિવસ શાક લેવા ગઇ તો હજાર રૂપિયાની નોટ આપીને આવતી રહી. એને મારે રાંધીને ખવડાવવું પડતું.

તમે પૂનામાં સાત-આઠ દિવસ સાથે રહ્યાં ત્યારે ખબર ન પડી કે એ પાગલ હતી?

- કંઇ ખ્યાલ નહીં આવ્યો. જો કે મને શ્રધ્ધા હતી કે હું તેને સારી કરી શકીશ, પણ એ માટે જર્નલિઝમ છોડીને સતત 24 કલાક સાથે રહેવું પડે. મારી તૈયારી હતી.(કારણ, મને એ ખૂબ ગમતી હતી) મેં એના મા-બાપને વાત કરી. હું મુંબઇ છોડીને કાયમ પૂના આવીને તમારી સાથે રહું, પણ છોકરીના મારવાડી મા-બાપ સમજ્યાં કે હું કાયમ માટે ઘરજમાઇ થઇ જઇશ એટલે ના પાડીને કહ્યું, છોકરીને મૂકી જાઓ. મેં છૂટાછેડા આપી દીધા, પણ મને એ ખૂબ ગમતી હતી. (કાન્તિ ભટ્ટ ત્રીજી વાર બીજી પત્નીને યાદ કરે છે.) શીલા ભટ્ટ સાથે પણ એવું જ થયું. શીલાએ મને ભગાવીને લગ્ન કર્યા. બે વાર મેં એને પાછી મોકલી. એના પિતાએ કહ્યું કાન્તિભાઇ, તમે તો સમજો. એને છૂટાછેડા આપી દો. મેં શીલાને પરણીને થોડા મહિનામાં છૂટાછેડા આપી દીધા હતા. (આધ્યાત્મિક રીતે પતિ-પત્ની છીએ.) પાછળથી ઉંમરનો તફાવત વધતો ગયો. આજે અમે દસ વરસથી અલગ રહીએ છીએ. એ દિલ્હીમાં છે. પણ અમારી વચ્ચે કોમ્યુનિકેશન છે.

થોડા મહિના પહેલાં તમે લેખમાં અને એક પ્રવચનમાં કહ્યું હતું કે મારે ચોથા લગ્ન કરવાં છે. શું પ્લાન છે?

- હા, ગઇકાલ સુધી કહેતો હતો પણ આજે નહીં. ગયા મહિને દાંત પડાવ્યા પછી એણે મારા જીવનનો આખો સ્પિરિટ તોડી નાંખ્યો. દાંત ગયા પછી હવે પહેલા જેવો નશો જ નથી.


એક બીજી ફરિયાદ વાચકોની. ધારો કે તમે તાજમહલ પર લેખ લખો, પણ વચ્ચે સતત ઝાંઝમેર અને ઇંગ્લેન્ડના રાણી કે અમેરિકાના ગુજરાતીની વાત ઘુસાડી દો છો. લેખ માટે એ જરૂરી છે?

-ચાલીસ વર્ષના પત્રકારત્વ પછી પત્રકારને આવો હક મળે છે. પોતાના લેખમાં પોતે ધારે એ રીતે લેખને લાડ લડાવે અને એમાં અંગત અનુભવો હોય એ વચ્ચે આવી જ જાય.

તમે વાર્તાઓ લખી પણ વાર્તાકાર તરીકે જમાવટ ન કરી શક્યા...

-ના, મારી વાર્તા ખૂબ જ જમાવટવાળી હતી. મારી એક વાર્તામાં બચુમામા વાંચીને કુંદનિકાબહેન રીતસરનાં ઊછળી પડ્યાં. એમાં પાછા હરકિસનભાઇ વચ્ચે આવ્યા. એમણે કહ્યું, તમને જર્નલિઝમમાં વાર્તા લખવાનો સમય ક્યાં મળશે? અને વાર્તા રોજ ક્યાં છપાશે? એટલે પત્રકારત્વ પર વધુ ધ્યાન આપ્યું. પણ મારા બે વાર્તાસંગ્રહ છપાયા છે.

નવલકથા લખી નથી. હજી ઇચ્છા છે?



હવે નહીં થાય. જે લખીએ એ રોજ છપાઇ જાય એની ટેવ પડી ગઇ છે. પંદરેક વરસ પહેલાં નવલકથા લખવાનું શરૂ કર્યું હતું. પણ એક જ પ્રકરણ લખાયું હતું. એ પ્રકરણ હજી મારી પાસે છે.

તમે વાંચેલા હજારો પુસ્તકોમાં સૌથી વધુ ગમતું પુસ્તક ક્યું? અને ક્યા પુસ્તકે તમારા વિચાર-જીવન પર સૌથી વધુ અસર કરી?

- ગુજરાતીમાં કેદારનાથનું વિવેક અને સાધના અને અંગ્રેજીમાં કોલિન વિલ્સનનું The Outsider, એલન વોટ્સનું Wisdom Of Insecurity અને ત્રીજું વીલ ડુર્રાનું The History Of Civilization. અંગ્રેજીના ત્રણેય પુસ્તક મારા માટે ગીતા જેવા છે.

તમે વરસો પહેલાં શીલા ભટ્ટ સાથે મળીને દાઉદનો પ્રથમવાર ઇન્ટરવ્યૂ કરીને એને પહેલી વખત પ્રસિધ્ધિ આપી હતી. તમને શું લાગે છે? ખરું કર્યું કે ખોટું?

- ઘણા આ વિશે વાત કરે, પણ એમનામાં સમજણ ઓછી છે. પત્રકારે તો ખૂનીને પણ મળવું જોઇએ. દાઉદ ઇબ્રાહિમને કાન્તિ ભટ્ટને મળવું હતું. મળવાની મકસદ એ હતી કે દાઉદ એની ગુનાખોરીની કરિયરથી કંટાળ્યો હતો. એને પોલીસને શરણે જવું હતું. પણ પોલીસે રોક્યો કે તારી ગુંડાગીરી ચાલુ રાખ તો અમારા હપ્તા ચાલુ રહે!

તમને કોઇ વ્યસન છે ખરું?

ખાસ નથી. પણ છેલ્લાં પાંચેક વરસથી સવારે એકાદ સિગારેટ પીઉ છું. બે દિવસ ન પૂઉ તો કોઇ તલપ સતાવતી નથી. બિયર પીવાની ઇચ્છા થાય, પણ આ (પેટ બતાવીને કહે)આંતરડું સાથ આપતું નથી. જો કે આ આંતરડાંમાં જે પીડા છે એમાંથી જ લખવાનો નશો પેદા થાય છે. આ આંતરડું...આ પીડા એ જ મારી ડિસ્ટિલરી... એ જ મારું પીઠું!

(સૌજન્ય : ચિત્રલેખા વિશેષાંક 6 ઑક્ટોબર, 2006)

# સંઘર્ષથી સિદ્ધિના સ્વશિલ્પી

## અલકેશ પટેલ



કલાકાર અને રાજકારણી નિવૃત્તિ જાહેર કરે અને જેવું સાનંદાશ્ચર્ય અથવા "સ-ખેદાશ્ચર્ય" તેમના ચાહકોને થાય એવી જ કંઇક લાગણી હાલ ગુજરાતી વાચકોને થઈ રહી છે, કેમ કે પચાસેક વર્ષથી ગુજરાતી પત્રકારત્વ – લેખન ક્ષેત્રમાં જે નામ ગુંજતું રહ્યું છે તેવા કાન્તિ ભટ્ટે સ્વાસ્થ્યના કારણસર દાવ ડિક્લેર કરી દીધો છે.

અંગ્રેજીમાં સેલિબ્રેટ (Celebrate) શબ્દ છે, તેનો સ્થૂળ અર્થ ઊજવણી થાય પરંતુ તેનો બીજો વ્યાપક અર્થ "કદર કરવી" એવો થાય. અહીં આગળ ધીમંતભાઈએ સાચું જ કહ્યું છે કે, ગુજરાતીઓ થેંકલેસ છે. ગુજરાતીઓ તેમના નાયકોને જીવતેજી કાંતો ઓળખી નથી શકતા અથવા ઓળખે તો પણ કદર કરી નથી શકતા. પરંતુ આજે અમે અહીં એ ક્રમ સુલટાવવાનો પ્રયાસ કર્યો છે.

પત્રકાર – લેખક અને વ્યક્તિ તરીકે કાન્તિલાલ હરગોવિંદ ભટ્ટનું સ્થાન અન્ય મુઠીઊંચેરા ગુજરાતીઓની હરોળમાં મૂકી શકાય એવું છે ત્યારે તેમણે સ્વાસ્થ્યના કારણસર જાહેરા કરેલી કલમ-નિવૃત્તિ ટાણે તેમના પાંચ દાયકા કરતાં વધુ સમયના પ્રદાનને નહીં પોંખીને અમે થેંકલેસ કે કદર-વિહીન થવા નથી માગતા. કાન્તિભટ્ટ હજુ આપણી વચ્ચે છે ત્યારે આ વિશેષાંક પ્રસ્તુત કરીને અને તેમને સેલિબ્રેટ(Celebrate) કરીએ છીએ – અમે તેમની કદર કરીએ છીએ.

# કલમ વિરામ
•
## રોહિત શાહ

'બડે ગૌર સે સુન રહા થા જમાના,
હમ હી સો ગયે દાસ્તાં કહતે કહતે...!'

ગાલીબની આ પંક્તિઓ કાન્તિ ભટ્ટને ખાસ્સી લાગુ પાડી શકાય !

આપણે ત્યાં એવા બહુ ઓછા લેખકો હોય છે જેઓ લોકપ્રિયતાની ટોચ પર હોય તથા અનેક ન્યૂઝ પેપરમાં ખૂબ વંચાતા હોય એવા ઝળહળતા સમયે સ્વેચ્છાએ પોતાની કલમને વિરામ આપી દે ! પોતાના વાચકોને વફાદાર અને કલમનિષ્ઠ લેખકો જ આવું સાહસ કરી શકે ! બાકી તો આપણે એવા કેટલાય લેખકોને ક્યાં નથી જાણતા કે જેમને કોઈ વાંચતું જ નથી અને જેમના વિચારોમાં હવે કશી તાજગી નથી રહી, છતાંય તે કલમઘસુઓ કૉલમ લખવાનો મોહ છોડતા નથી !

વૈરાગી માટે ધન-સંપત્તિનો મોહ છોડવો બહુ આસાન છે, સત્તાધીશ માટે રાજપાટ અને સત્તાની જાહોજલાલી છોડવાનુંય બહુ અઘરું નથી; કિંતુ લેખક માટે લોકપ્રિયતાનાં શિખરો સતત સર કરાવતી કલમને છોડવાનું અશક્ય જેટલું અઘરું છે.

દૈનિકપત્રમાં કૉલમ લખતા લગભગ તમામ લેખકોમાં સૌથી વધારે કૉલમ જેમણે લખી છે એવા કાન્તિ ભટ્ટને પુસ્તકો પ્રગટ કરવાનું કશું ખાસ વળગણ નથી. જો એમને પુસ્તકો પ્રગટ કરવાનું વળગણ હોત તો કદાચ દર અઠવાડિયે તેમનું એક પુસ્તક પ્રગટ થઈ શક્યું હોત !

આદરણીય કાન્તિભાઈ ભટ્ટે અખબારી લેખન માટે સંસારનો એક પણ વિષય અસ્પૃશ્ય માન્યો નથી. અલબત્ત, પોલિટિક્સ જેવા વિષય પર તો જેમને કશી ગતાગમ નથી હોતી એવા લેખકો પણ લખવા માટે શૂરાતન બતાવતા હોય છે ! જ્યારે કાન્તિ ભટ્ટ પાસે ઘણા વિચાર અને અનુભવ હોવા છતાં તેમણે પોલિટિક્સ વિશે લખવાનું ભાગ્યે જ પસંદ કર્યું છે ! આપણે જાણીએ છે કે એમના લેખનના વિષયમાં આયુર્વેદથી લઈને કૃષિ સુધીની વાતો હોય છે, પર્યાવરણથી લઈને પ્રવાસ સહિતની માહિતી હોય છે. એમના લેખનના વિષયમાં દેશ-વિદેશનાં યુવાનો, મહિલાઓ, બાળકો પણ હોય અને વિવિધ રમતવીરો પણ હોય ! છેક ઉપનિષદથી લઈને આજના સાયબર યુગ સુધીના તમામ સંદર્ભો એમની કલમમાંથી નીતરતા જોવા મળ્યા છે ! અને છતાંય પોતાના કોઈ વિવાદાસ્પદ લખાણને કારણે તેમને કે તેઓ જે અખબાર/મેગેઝિનમાં લખતા હોય તેના તંત્રીને હેરાન થવું પડ્યું હોય તેવું ભાગ્યે જ બન્યું હશે !



શ્રી કાન્તિ ભટ્ટની એક ખૂબી એ છે કે તેઓ નવોદિત લેખકો-પત્રકારો માટે પ્રેરણામૂર્તિ બની રહ્યા છે, તેમ તેમના સમકાલીન કલમકસબીઓ માટે ક્યારેક ઈર્ષાનું કારણ પણ બની રહ્યા છે. 87 વર્ષની આટલી મોટી ઉંમર સુધી વિવિધ અખબારો માટે આટલી બધી વૈવિધ્યસભર કોલમો લખવી, નિયમિત લખવી અને ચોટદાર લખવી – આવું સામર્થ્ય ગુજરાતી સર્જકોમાં કદાચ એક માત્ર ચંદ્રકાંત બક્ષી સિવાય બીજા કોઈએ જો બતાવ્યું હોય તો એ કાન્તિ ભટ્ટ જ છે ! હું માનું છું કે એવું એક પણ ગુજરાતી ન્યૂઝ પેપર નહીં હોય કે જેણે શ્રી કાન્તિ ભટ્ટની કલમનું ગંગાસ્નાન કર્યું ન હોય !

શ્રી કાન્તિ ભટ્ટે નિજાનંદ માટે પોતે લખતા હોવાનો દંભ ક્યારેય કર્યો નથી. એમણે તો સતત વાચકોની નાડ પારખીને, વાચકો માટે જ લખવાનું જાણે કે આજીવન વ્રત લીધેલું છે. આ કારણે જ જ્યારે પણ કોઈ ન્યૂઝ પેપર કે મેગેઝિનને પોતાના વાચકો માટે કંઈક નવું કરવું હોય ત્યારે એમણે કાન્તિ ભટ્ટની કલમનો લાભ લેવાની અપેક્ષા રાખવી પડતી ! કાન્તિ ભટ્ટે પોતાની કલમને વિરામ આપ્યો એ કારણે ઘણા વાચકોને તો અફસોસ થશે જ, પરંતુ અનેક તંત્રીઓને પણ તાજું, તરત અને માહિતીસભર સરસ લખાણ મેળવવાનો એક પ્રબળ સ્રોત ગુમાવ્યાનો અફસોસ થશે જ!

(રોહિત શાહ લેખક છે તથા ગૂર્જર પ્રકાશનમાં એડિટર છે.)

# શબ્દનિવૃત્તિની વેળાએ

## ડૉ. શિરીષ કાશીકર

આજકાલ ગુર્જર રાજ્ય મધ્યે "સહુથી ઊંચું" અને સહુથી પ્રતિભાવાન વગેરેની પ્રબુધ્ધોની ચર્ચા ચોરે ને ચૌટે ચાલી છે. સરદાર પટેલની પ્રતિમાએ ગુજરાતી પ્રજાને દુનિયાની સૌથી વિરાટ પ્રતિમાના સ્થાપક તરીકે ઓળખ તો આપી દીધી છે પણ એમના સિવાય ગુજરાતમાં વર્તમાનમાં પણ ઘણી એવી પ્રતિમાઓ વિરાટ સ્વરૂપે રહેલી છે જેની પૂરતી ઓળખ અને કદર રજુ ગુજરાતીઓએ કરી નથી. કાન્તિભાઈ હરગોવિંદ ભટ્ટ એ પણ એવું જ એક નામ છે. લાંબુ કદ, વિરાટ પત્રકારત્વ પ્રતિભા અને સાત દાયકાના પત્રકારત્વની અખંડ ધૂણી ધખાવીને બેઠેલા આ કલમનવેશ ૮૭ વર્ષની ઉંમરે પોતાની શબ્દનિવૃત્તિ જાહેર કરી ચૂક્યા છે ત્યારે તેમના લેખન અને જીવન વિશેની કેટલીક વાતો પ્રાસંગિક થઇ પડશે.

કાન્તિભાઈનો જન્મ ૧૫ જુલાઈ ૧૯૩૧ના રોજ તત્કાલીન ભાવનગર સ્ટેટના સચરા ગામે શિક્ષક અને ખેડૂત હરગોવિંદભાઈ અને પ્રેમકુંવરના કુટુંબમાં થયો. એમનું મૂળ વતન ઝાંઝમેર પણ કાન્તિભાઈનો જન્મ અહી થયો. ચાર ભાઈઓ અને ત્રણ બહેનોના બહોળા પરિવારમાં સાંકડી આવક ધરાવતા પિતાના આ પુત્રએ ગરીબી બાલ્યાવસ્થાથી જ નિહાળી લીધી..પરંતુ શિક્ષણના સંસ્કારોએ  બાળવયે જ પત્રકારત્વ અને નેતૃત્વના ગુણોનું સિંચન કર્યું. મહુવાના અખાડાના ઝંકાર સામાયિકના તેઓ માત્ર ૧૫ વર્ષની વયે સંપાદક બન્યા. તત્કાલીન ભાવનગર સ્ટેટના પ્રજાવત્સલ રાજવી મહારાજ કૃષ્ણકુમારસિંહજી એ સ્થાપેલી લાઈબ્રેરીમાં બાળવયે લાઈબ્રેરીયન પણ બન્યા. વિદ્યા વ્યાસંગને કારણે અભ્યાસ પૂર્ણ કરીને વડોદરાની મહારાજ સયાજીરાવ યુનિવર્સિટીમાં પ્રવેશ લઇ કોમર્સ વિદ્યાશાખામાં સ્નાતક થયા.તેમના જીવનના આ મહત્વના પડાવ સાથે પણ એક રસપ્રદ કિસ્સો જોડાયેલો છે. કાન્તિભાઈ બી.કોમ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે યુનિવર્સિટીમાં પ્રથમ આવવાની નેમ  રાખીને પરીક્ષા આપી રહ્યા હતા પણ એક પેપરમાં વધુ માર્ક મેળવવાની લ્હાયમાં આગળ બેઠેલા વિદ્યાર્થીના પેપરમાંથી ચોરી કરીને દાખલો લખ્યો જે ખોટો નીકળ્યો. પરિણામે એમને બીજા વર્ગથી સંતોષ માનવો પડ્યો.

યુવા વયે જ પેટના આંતરડાની બીમારીથી પીડાતા કાન્તિભાઈ એ ભાવનગર નગરપાલિકા સહીતના સ્થળોએ નાની મોટી નોકરી કરી પરંતુ એક તબક્કે તબીયત નાજુક થઇ જતા ડોક્ટરોએ પણ હાથ ઊંચાં કરી દીધા ત્યારે કાન્તિભાઈએ સ્વબળે આગળ વધવાનું નક્કી કર્યું.તેઓ ગાંધીજી એ ઉરૂલીકાંચનમાં સ્થાપેલા નેચરોપથી ના આશ્રમમાં ગયા અને તબીયત નેચરોપેથીના પ્રયોગથી ઘણી સુધારી. આ દરમિયાન જયારે તેઓ  પરત આવ્યા ત્યારે તેમના કાકાએ મલેશિયામાં પોતાની આયાતનિકાસની પેઢી શરુ કરી ત્યાં કાન્તિભાઈને નોકરી આપી. મલેશિયાના પીનાંગ શહેરમાં તે એક દાયકો રહ્યા અને એ સમયગાળામાં કાકાની ખોટ કરતી પેઢીને સદ્ધર કરી આપી. કાકાને ભાગીદારી માંગી તો તેમણે કાન્તિભાઈને કાઢી મુક્યા અને તેઓ  ફરી ભારત

આવ્યા. અહી એમના એક પરિચિતે તેમને મોટા પગારની અલગ અલગ નોકરીઓ ઓફર કરી જેમાં સહુથી ઓછા પગારની નોકરી હતી પત્રકારની. ૧૯૬૭માં તેમણે મુંબઈમાં જન્મભૂમી ટ્રસ્ટના 'વ્યાપાર'માં આર્થિક પત્રકાર તરીકેની કામગીરી સ્વીકારી. આ સમયગાળામાં તેઓ અન્ય પત્રકારોની સરખામણીમાં ઝડપથી કામ પૂરું કરી બાકી રહેલા સમયમાં એશિયાટિક લાઈબ્રેરીમાં પુસ્તકો વાંચવા જતા રહેતા અને સાંજે એક લેખ તૈયાર કરી લેતા. તંત્રી રમણભાઈ શેઠે તેમની અંદર છુપાયેલા લેખ-કોલમીસ્ટને ઓળખીને પ્રોત્સાહન આપ્યું અને કાન્તિભાઈએ આર્થિક પત્રકારત્વના ક્ષેત્રે પોતાની કલમથી તહેલકો મચાવ્યો. 'વ્યાપાર' સાથેનો નાતો પૂરો થયા બાદ કાન્તિભાઈએ પોતાનું સ્થાન ગુજરાતી પત્રકારત્વમાં જમાવી દીધું.

એક પત્રકાર/કોલમીસ્ટ તરીકે કાન્તિભાઈએ અનેક પ્રયોગો કર્યા છે તેમણે ચિત્રલેખા,મુંબઈ સમાચાર, જનશક્તિ, સંદેશ ,યુવદર્શન, જનસત્તા જેવા માતબર અખબારો/સામયિકોમાં વિવિધ વિષયો પર પોતાની કલમ ચલાવી છે.આજે ગુજરાતી સામયિકોમાં પ્રતિષ્ઠિત ગણાતા 'અભિયાન'ની સ્થાપના કાન્તિભાઈ અને શીલાબેન ભટ્ટે કરી હતી. કાન્તિભાઈની તેજાબી કલમના ચાહક શીલાબેન પણ નાનીવયે પત્રકારત્વમાં આવેલા અને કાન્તિભાઈના પ્રેમમાં પડ્યા. ૧૯૭૯માં બન્નેએ 'અભિયાન' ઉપરાંત લગ્નનનું પણ સાહસ કર્યું. કાન્તિભાઈ અને શીલાબેનની પુત્રી શક્તિ પણ બાદમાં એક તેજસ્વી કારકિર્દી તરફ આગળ વધી પરંતુ ૨૦૦૭મા યુવા વયે તેનું અચાનક અવસાન થયું. યુવા વયે પ્રથમ પત્ની રંજન સાથેના દુ:ખી લગ્નજીવન અને લાંબા સમયના છુટાછેડા પછી કાન્તિભાઈનો શીલાબેન સાથેના લગ્ન જીવનનો પણ અંત આવ્યો.

કાન્તિભાઈએ ઈન્વેસ્ટીગેટીવ જર્નાલિઝમમાં પોતાનું નામ કાઢ્યું પણ સાથે સાથે તેમણે ટૂંકી વાર્તાઓ પણ પ્રતિષ્ઠિત સામાયિકો માટે લખી. કાન્તિભાઈ એ લખેલા લેખો, નિબંધો અને વાર્તાઓના અત્યાર સુંધીમાં ૬૦ થી વધુ પુસ્તકો પ્રસિદ્ધ થયા છે.

કાન્તિભાઈની કલમ માટે એવું કહેવાય છે કે તેઓ દુનિયાના કોઈપણ વિષય પર લખવાની ક્ષમતા ધરાવે છે. એક સમયે જયારે કારકિર્દીની ટોચ પર હતા ત્યારે તેમણે દેશી-વિદેશી અખબારો,સામાયિકના અનુવાદોના આધારે પણ કલમ ચલાવેલી પણ અનુભવે ઘડાયા અને આજે કૃષિ, નેચરોપથી અને આયુર્વેદના નિષ્ણાત ગણાય છે. તેમના વાંચન વૈવિધ્ય એ એક લાંબી તપસ્યા પછી તેમને આ સ્તરે મુક્યા છે. કાન્તિભાઈ સાથે સુખદુખના ભાગીદાર રહેલા શીલાબેન તેમની ડાયરીમાં લખે છે કે "કાન્તિ એક અલગ વ્યક્તિત્વના માનવી છે થોડા ઠરેલ અને થોડા તરંગી. તેમનો પુસ્તકો માટેનો લગાવ ઘરમાં પ્રવેશતા જ સમજાઈ જાય. તેઓ પુસ્તકો માટે કઈ પણ કરવા તૈયાર થઇ જાય છે. ગાલીબ, તુલસીદાસ, કોલીન વિલ્સન, જે કૃષ્ણમૂર્તિ, હેન્રી ડેનીડ થોરો, એરીક ફ્રોમ અને પી.ડી. ઓસ્પેન્સકી જેવા મહાનુભાવોનો તેમને સાથ ન મળ્યો હોત તો કાન્તિભાઈ આપણી વચ્ચેથી વહેલી વિદાઈ લઇ ચુક્યા હોત" આશરે ૯૦ જેટલા દેશોની મુલાકાત લઇ ચુકેલા કાન્તિભાઈનો દેશ વિદેશની સંસ્કૃતિઓને નજીકથી જોવા માણવાનો સમૃદ્ધ અનુભવ છે. આજે ૮૭ વર્ષની વયે ડીમેન્શીયા કારણે લેખનપ્રવૃત્તિમાંથી નિવૃત્તિ જાહેર કરી ચુકેલા આ સુકલકડી દેહવાળા પણ મજબુત મનોબળના પત્રકાર શિરોમણી નું મૃત્યુ વિશેનું ચિંતન પણ સમજી લઈએ. એક મુલાકાતમાં કાન્તિભાઈ એ કહેલું "કાકાસાહેબ કાલેલકરે મૃત્યુને "પરમસખા", કહ્યું છે



આ જગતમાં એન્ટ્રી આપણા હાથની વાત નથી તે રીતે જગતમાંથી એક્ઝીટ પણ ઈશ્વરના હાથ ની વાત છે..... મને થાય છે કે ૨૧મી સદીમાં પણ જે વિષયનું જ્ઞાન શીખવાતું નથી તે છે મરણ......"

ગુજરાતી પત્રકારત્વને અનેક તેજસ્વી યુવા પત્રકારો આપનારા આ જીવંત યુનિવર્સિટી સમા વ્યક્તિત્વના એક અદભૂત લેખમાંના અવતરણથી મારી વાતને વિરામ આપું છુ. કાન્તિભાઈ લખે છે "......... કલમથી આવનારી ક્રાંતિ ક્ષણજીવી હોય છે. કોઈ બીજાની કલમથી કે કોઈ રાજકારણીની કરામતથી આવેલ ક્રાંતિ ઝાઝી ટકતી નથી એ માત્ર બજારૂ ક્રાતિ છે .... જે મનોરંજન આપે એ ક્રાંતિ નથી. ક્રાંતિ એ તમારી પોતાની અંગત ચીજ છે એ સામુહિક રીતે ન આવે . સામુહિક પ્રાર્થના થઇ શકે પણ સામુહિક ક્રાંતિ કદી ન આવી શકે."

(ડૉ. શિરીષ કાશીકર NIMCJ, અમદાવાદ ખાતે નિયામક છે.)

# કાન્તિ ભટ્ટ એક્સપ્રેસ

•

**જ્વલંત નાયક**

"કાન્તિ ભટ્ટ". પત્રકારત્વને સમજવા માટે તમારે અમુક નામોને અને એમના કામને પીછાણવા પડે. અને આવા 'અમુક' નામોમાં કાન્તિ ભટ્ટને બહુ આગળની હરોળમાં બેસાડવા જ પડે!

કાન્તિ ભટ્ટને વાંચો ત્યારે ટ્રેનના ફર્સ્ટ ક્લાસ એસી કોચમાં વિન્ડો-સીટ પર બેસીને મુસાફરી કરતાં હોવ એવું લાગે. બારીના કાચમાંથી એક પછી એક પસાર થઇ રહેલા સ્ટેશન્સના દ્રશ્યો દેખાતા જાય. ક્યારેક એમના વતન ઝાંઝમેરનું સ્ટેશન આવે, તો ક્યારેક ભાવનગર અને મહુવાથી માંડીને મલેશિયાના પેનાંગ સિટી સુધીના સ્ટેશન્સ આવે.... 'કાન્તિ ભટ્ટ એક્સપ્રેસ' તમને ક્યારે મુંબઈ સ્ટેશને લઇ જાય અને ક્યારે ઉરુલીકાંચનના સ્ટેશને ચા ને બદલે ગાયનું ચોખ્ખું દૂધ પીવડાવવા ઉભી રહી જાય એનું કાંઈ નક્કી નહિ! વળી અહીં કોઈક સ્ટેશને મોરારીબાપુ ઊભેલા દેખાય, તો કોઈક સ્ટેશને નરેન્દ્ર મોદી જોવા મળી જાય... ગાંધીજી તો ખરા જ...સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાથી માંડીને સ્ત્રી પત્રકારો વિશેની વાતો આવતી જાય. તમારે માત્ર મુસાફરીનો આનંદ ઉઠાવવાનો, બાકી કાન્તિ ભટ્ટ તમને ક્યા સ્ટેશનેથી પોતાની એક્સપ્રેસમાં બેસાડશે અને કયા સ્ટેશને ઉતારશે, એ વિષે કદાચ ભટ્ટજી પોતે ય સાશંક રહેતા હશે! સ્ટેશન્સની પરવા કર્યા વિના માત્ર મુસાફરીનો આનંદ માણવો!

કોઈ પણ ક્ષેત્રમાં મહારથ હાંસલ કરવા માટે વર્ષોનો અનુભવ જરૂરી છે. અને કાન્તિ ભટ્ટનો અનુભવ કેટલો? ગ્રામપંચાયતની લાઈબ્રેરી ઊભી થઇ ત્યારે માત્ર ૯ વર્ષની ઉંમરે કાન્તિ ભટ્ટ 'બાળ લાઈબ્રેરિયન' બની ગયેલા. શાળાના કોઈક મેગેઝીનમાં પણ 'તંત્રી-સંપાદક' બનેલા. પણ પત્રકારત્વ કરતા પહેલા જીવનના બીજા અનેક પાઠ અનુભવની પાઠશાળામાં ભણી લીધા. પિતા ખેડૂત અને શિક્ષક હોવાની સાથે કલાકાર પણ ખરા. નૃત્યકાર ઉદયશંકર એમના રાસ જોવા આવેલા. કાન્તિ ભટ્ટના શબ્દોમાં કહીએ તો "હું ઉદયશંકર સાથે નાચેલો!" આ ઉદયશંકર એટલે ભારતના મોડર્ન ડાન્સના પ્રણેતા અને સિતારવાદક રવિશંકરના મોટા ભાઈ! જેમણે ઇન્ડિયન ક્લાસિકલ ડાન્સ સાથે યુરોપીયન થિએટર ટેકનિક્સનું મિક્સ્મેચ કરીને ખાસ 'ફ્યુઝન ડાન્સ'ની શૈલી વિકસાવેલી. જો કે ઉદયશંકર સાથે નાચેલા ઝાન્ઝમેરના એ છોકરાના નસીબમાં શબ્દોની કલાકારી લખી હશે એટલે ઇસ ૧૯૬૬માં મુંબઈ પહોંચીને કલાકારને બદલે પત્રકાર બન્યો પછી તો ગાડી ક્યાંય અટકી નહિ. પીનાંગ શહેરમાં કાકા સાથે લીધેલો વ્યાપારનો અનુભવ કદાચ વ્યાપાર સમાચાર લખવામાં કામ લાગ્યો હશે. મૂળ વાત એ કે આ માણસ અનુભવ લેવામાં કદી પાછો ન પડ્યો! એલોપેથિક ડૉક્ટર કહે કે ૬ મહિનામાં ગુજરી જશો, તો હિમ્મત હારવાને બદલે આયુર્વેદનો અનુભવ લઇ લેવાનો. ઉરુલીકાંચનમાં એટલાં પુસ્તકો-દવાઓનો અનુભવ લીધો કે પોતે જ અડધા વૈદ્ય થઇ ગયા!



વ્યાપારના સમાચાર હોય કે રાજકારણના લેખ, ભટ્ટ સાહેબે અવિરત લખ્યું. એમણે જેમાં લખ્યું-સંપાદન કર્યું એ તમામ સમાચારપત્રો, મેગેઝીન્સની યાદી જ એક ટચૂકડા લેખ જેવડી થાય. લેખક-પત્રકાર તરીકે તેઓ આટલું લખી શક્યા અને વાચકોએ એમને વાંચ્યા એના બે કારણો છે, ખાંખત અને વાચન! એક તો ભટ્ટ સાહેબ પત્રકાર તરીકે જાતે અનુભવેલી વાત લખતા. આજે તો ઈન્ટરનેટ પર બધું મળી જાય, પણ એ સમયે પત્રકારે જે ફીલ્ડ વર્ક કરવું પડતું... વિષયમાં ઊંડા ઉતરવા જે ખાંખત કરવી પડતી, એની વાત કદાચ આજના પત્રકારત્વના વિદ્યાર્થીને પરીકથા સમી લાગી શકે. પણ ભટ્ટજી પૂરેપૂરી ખાંખત કરીને ન્યૂઝ-સ્ટોરી લખતા.

અને વાચન! કાન્તિ ભટ્ટ દુનિયાભારમાંથી મેળવેલું કેટકેટલું વાંછે છે, એની વાતો પર પણ આખો અલગ લેખ કરી શકાય. શીલા ભટ્ટે લખેલું, "મારા હસબંડ કાન્તિ મને નથી પરણ્યા, પણ પુસ્તકોને પરણ્યા છે. એ છેલ્લા ૪૦ વર્ષથી પુસ્તકો ભેગા કરે છે. એમનો મંત્ર છે કે પુસ્તકો ઉધાર લઇ આવો, ભીખમાં માગી લાવો કે પછી ચોરી લાવો.. ગમે તે કરો, પણ પુસ્તકો વાંચો!"

ડોક્ટરે બાંધી આપેલી માત્ર છ મહિના લાંબી જીવનરેખાની 'ડેડલાઈન ચૂકી ગયેલા' કાન્તિ ભટ્ટ કદી છાપાના લેખોની ડેડલાઈન નથી ચૂક્યા! આવા અઠંગ વાચક, અઠંગ લેખક અને અઠંગ પત્રકારો જ સાંસ્કૃતિક વારસાને એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચાડવાનું કામ કરતાં હોય છે.

લૉંગ લીવ કાન્તિ ભટ્ટ!

(જ્વલંત નાયક દિવ્ય ભાસ્કરના કૉલમ લેખક છે)

# કાન્તિ ભટ્ટ એક સીમાસ્તંભ

•

રજની અગ્રાવત

અત્યારે આમ તો જમાનો કૉલમ-લેખકોનો છે. એમાંય જો કે બધાની અલગ અલગ પસંદ હોય છે, અને એ પણ છાપામાં આવતી કૉલમ. પણ અમે પચાસ કે તેથી વધુ ઉંમરનાં લોકોમાંથી મોટાભાગના લોકોનું (૭૦-૮૦-૯૦ નાં આસપાસના ગાળાનું) વાંચન મુખ્યત્વે મેગેઝીન્સ હશે એમાં પણ ચિત્રલેખા અને પછી અભિયાનનો દબદબો હતો.

અત્યાર જેવું સોશ્યલ મીડિયા કે ઇન્ફોર્મેશનનો યુગ હતો નહિ પણ અમારા માટે બે નામ એવા હતા જે આજના સમયમાં અર્નબ ગોસ્વામી, સુધીર ચૌધરી, રવિશ કુમાર, પૂણ્યપ્રસન બાજપેઈ જેવા ઢગલાબંધ એન્કરો કમ પત્રકારને ભેગા કરો તો ય બે નામ ભારી પડે એવા હતા – કાન્તિ ભટ્ટ અને શીલા ભટ્ટ.

વરસો વિતતા ગયા, શીલા ભટ્ટ કદાચ ગુજરાતી સાથે સીધો નાતો તોડી/છોડી રિડિફ કે એવી કોઈક સાઈટ સાથે સંકળાયેલાં છે એવો આછો પાતળો ખ્યાલ છે. પણ કાન્તિ ભટ્ટ ગુજરાતીમાં કૉલમ લેખન કરતા રહ્યા અને સતત લખતા રહ્યા. રોજની એક કૉલમ લખવી એટલે માત્ર fb પોસ્ટ લખવી કે wa માં fwd મેસેજ ને ફરી ફરી fwd કરવા જેવી નાનીસુની વાત નથી.

કાન્તિ ભટ્ટનાં વાંચન શોખ (કહો કે પેશન/ઘેલછા) માટે શીલા ભટ્ટે એમની રિડિફ ડાયરીમાં લખેલું યાદ આવે છે –

Kanti, my husband, is not married to me. He is married to books.

For the last 40 years, he has been collecting books. His mantra: beg, borrow or steal, but READ.

We live in a middle-class suburb of Bombay. Our house, full of books, must be an unusual sight to my neighbours.

After my marriage, when I first entered his house I found the teapot kept on an old edition of Mahavir Meri Drashtimain by Rajneesh. The wooden shelf in the kitchen contained old copies of The Book Digest, The Economist and The National Geographic.

On our first date, I remember, he had told me about Will Durant and Ariel, the authors of Age of Reason Begins. It seemed to me that he was quite influenced by Durant's passion for Ariel. Later, I was introduced to A Dual Autobiography, which the couple co-authored.

In the first week of my marriage, I met J Krishnamurti.

Again and again and again. His lectures and books were in my bathroom, bedroom and balcony.

The funny thing was that whenever I opened any book from Kanti's collection my eyes always caught interesting paragraphs. Like this passage from Mary Lutens' biography of JK, Krishnamurti: The Years of Fulfillment:

આવું તો ઘણું બધું "અંગત" એ ડાયરીમાં હતું/છે. પણ આપણને એમની પબ્લીશ થયેલી અંગત વાતોને ચૂંથવાનો અધિકાર નથી એટલે અટકું છું.

ક્યાંક વાંચ્યાનું યાદ આવે છે કે કોઈએ લગભગ કાન્તિ ભટ્ટને એન્સાઈક્લોપીડિયા પણ કહ્યા છે અને એ આમ જોઈએ તો ખોટું પણ ન કહેવાય. 'અભિયાન' વખતે એમની 'ચેતનાને ક્ષણે' કૉલમ અમને લોકોને કિક આપતી. મુગ્ધાવસ્થામાં મેં એમની સલાહ માંગતો પત્ર પણ લખ્યો હતો અને એકવાર 'અભિયાન'માં મોરારિબાપુ વિશે 'અમરીશ પૂરી સ્ટાઈલ' એવું કંઈક કેપ્શન જોઇને 'ખખડાવી' નાંખતો પત્ર પણ લખ્યો હતો. (વચ્ચે એક આડ વાત - એના જવાબમાં શીલા ભટ્ટે અભિયાનનાં લેટરહેડ પર જવાબ આપ્યો હતો અને એમાં એમણે લખ્યું હતું "તમારી શીલા ભટ્ટ" ત્યારે શાહબુદ્દીન રાઠોડ કહે છે એમ આપણને સ્વર્ગને હાથ વેંતનું જ છેટું રહ્યું હતું! આ પત્ર વરસો સુધી સાચવ્યો હતો.)

કાન્તિ ભટ્ટને વાંચતા હોય એમને ખબર જ હોય કે એમના ભાવનગર પાસેના ઝાંઝમેર ગામ પર અને એમના કાકાએ એમનું શોષણ કર્યું હતું એના પર. એમને મરડો થયો હતો અને ગાંધીજીની જેમ કુદરતી ઉપચાર પર એમનો વિશ્વાસ વગેરે પર એમની સોય બહુ અટકે.

પરંતુ અત્યારના છોકરડાઓ જેમને બાળોતિયા પત્રકારો કહી શકાય એ લોકો જ્યારે કાન્તિ ભટ્ટની ખીલ્લી ઉડાવે ત્યારે દાઝ અને દુઃખ થાય. કેમ કે કાન્તિ ભટ્ટે વાંચ્યું છે એના પા ભાગનું ય વાંચવાની એમની તાકાત નથી અને એમની એ ઔકાત પણ નથી કે કાન્તિ ભટ્ટે જે ઉંમરથી શરૂ કરી જે ઉંમર સુધી લખ્યું એના દસમાં ભાગનું ય નહિ લખી શકે.

જેમ કૉલમમાં બક્ષી એક સીમા સ્તંભ છે અને એમને હજુ સુધી કોઈ અતિક્રમી શક્યું નથી એમ જ કાન્તિ ભટ્ટ પણ ખરા અર્થમાં એક સીમા સ્તંભ છે અને રહેશે. ગુજરાતી પત્રકારત્વ અને વાચકો એમને હંમેશા યાદ રાખશે.

(રજની અગ્રાવત પ્રખર વાચકો પૈકી એક છે. ગાંધીધામમાં તેઓ ટેલકૉમ વ્યવસાય સાથે સંકળાયેલા છે.)

# છેલ્લો લેખ : કાન્તિ ભટ્ટ
# ક્રોધ માનવીએ જાતે ઊભો કરેલો મોટો શત્રુ

પીએટ્રો આર્ટીનો એક રોમન વિદ્વાન હતો. તેણે ગુસ્સા અને ક્રોધ ઉપર છ ગ્રંથો લખેલા. તેણે કહેલું કે ક્રોધી માણસો આંધળા અને મૂરખ હોય છે. કોઇ ક્રોધ કરીને ઘણું ગુમાવે છે.ક્રોધ કરીએ છીએ ત્યારે આપણે તે ક્ષણે વિવેક ભૂલી જઇએ છીએ. અને એ ક્રોધ તમારી બુધ્ધિ ચાતુર્યરૂપી લક્ષ્મી છે તે તમે જાતે જ લૂંટી નાખી છે. પરંતુ...યોગ્ય સમયે સરાસર અન્યાય થતો હોય ત્યારે ક્રોધિત થવું અનિવાર્ય છે. લાભદાયી છે. આ અનિવાર્યતા અંગે હેન્રી વોર્ડ બીચર સ્ટોએ કહ્યું કે જે માણસ ગુસ્સો કરતો નથી તે માથાળું પઇ થઇ શકતો નથી!



## કાન્તિ ભટ્ટનો વાચકો જોગ મેસેજ

'દિવ્ય ભાસ્કર'ના વહાલા વાચકો,
મારી કટાર નિયમિત, પ્રેમપૂર્વક અને શ્રદ્ધાપૂર્વક વાંચવા બદલ આપ સૌનો આભારી છું. પણ હવે 87 વર્ષની ઉંમરે પક્ષાઘાત થયો છે, ડિમેન્શિયા થયો છે. હવે હું આપ વાચકોનો સંપર્ક કરી શકીશ નહીં. મને માફ કરજો અને આ બ્રાહ્મણને આશીર્વાદ આપશો. તમારા આશીર્વાદ મને 100 વર્ષ જીવાડશે. જીવીશ પણ લખી શકીશ નહીં.

- કાન્તિ ભટ્ટ

એક ચીની કહેવત પણ તમે નોંધી લો-ઇવન એ બુધ્ધ મે ગેટ એન્ગ્રી ઇફ સ્લેપ ઇન ફેસ ઓફન ઇનફ( બુધ્ધને પણ તમે વારંવાર ચહેરા ઉપર થપ્પડ ઉપર થપ્પડ મારો તો બુધ્ધ પણ ગુસ્સે થશે!. આ જિંદગી કાંટાળી છે અને તમારું યૌવન ટેમ્પરરી છે. એટલે તમે જેને ચાહતા હોવ તેની ઉપર ગુસ્સો કરતાં પહેલા બે વખત વિચારજો અને ખોટો કે સાચ્ચો ગુસ્સો કર્યો હોય તો મનોમન માફી માગી લેજો. ગુસ્સા માટે કોઇ ફિક્સ વય નથી. વૃધ્ધ લોકો વધુ ગુસ્સે થાય છે. લેખની શરૂઆતમાં મેં પીએટ્રો આર્ટીનો નામના વિચારકનું નામ લખ્યું છે તે મૂળ મોચીનો દિકરો હતો પણ જૂતાં સીવતી વખતે તે ઘરાકો સાથે ચર્ચા કરતો કરતો રામન વિદ્વાન બની ગયો. તેણે રોમની વેશ્યાઓની મુલાકાતો લીધી અને ઇટાલીના અતિ વિદ્વાન લોકો પણ કેટલા ક્રોધી હતા તે જાણીને પુસ્તકો લખ્યાં હતા. ગુસ્સામાં માણસ વિવેક ભૂલીને ઘણું ગુમાવે છે. પુરાણોમાં આપણાં દુર્વાસા મુનિ ખૂબ ક્રોધી હતા અને બ્રાહ્મણ તરીકે ક્રોધમાં શાપ પણ આપી દેતા. આવા ક્રોધ અને શાપમાં દુર્વાસાએ ઘણું ગુમાવ્યું હતું. તપોબળ નષ્ટ કરેલું. આધુનિક વિજ્ઞાન કહે છે કે તમે જ્યારે ક્રોધ કરો છો ત્યારે હૃદયના ધબકારા બંધ થાય છે. કેરોધમાં બ્લડપ્રેશર નીચું જાય છે.

અમેરિકામાં ગુસ્સા થકી ઘણાં મરણ થયાં છે તેમ ન્યુયોર્કનું મોન્ટેફિયોર મેડિકલ સેન્ટર કહે છે. તમે મુંબઇમાં ટ્રાફિકજામમાં જોશો તો ગુસ્સા થકી કેટલા બધા અકસ્માતો થાય છે. માટીડો બૈરી પર શૂરો-પૂરો...એ એક જુની કહેવત આજે તદ્દન નકામી છે. આજની સ્ત્રી નબળી રહી નથી. માટીડો કારણ વગર ગુસ્સો કરે તો આજની પાવરફુલ નારી તેના માટીડાની માટી ખરાબ કરી નાંખે છે. અમેરિકાના ઓહિયો સ્ટેટ તેમ જ હાર્વર્ડ યુનિ.ના આરોગ્યશાસ્ત્રીઓએ ચેતવ્યાં છે કે ગુસ્સો કરનારને હાર્ટએટેક આવવાના ચાન્સ વધી જાય છે. ગુજરાતીમાં કહેવત છે કે માફ કરે ને માંડીવાળો. 21મી સદીમાં તો આ કહેવત વધુ ઉપયોગી છે- લાભદાયક- ફરગિવનેસ સૌથી મોટો ગુણ બને છે. ભલે તમારી નબળાઇ હોય પણ એ નબળાઇ લાભમાં છે.

અમેરિકાના પગલે પગલે ભારતમાં એંગર મેનેજમેન્ટ ક્લાસ શરૂ થયા છે. મુંબઇ-અમદાવાદના મનોચિકિત્સકોને મુંબઇમાં ઘણી ગુજરાતી બહેનોએ તેના પતિને જ નહીં પણ નાના બાળકો જે ગુસ્સો કરતાં હોય તેને લઇ જવા પડે છે. પત્રકાર નિરંજક ભૌમિકે ટાઇમ મેગેઝીનમાં એક સરસ ઘટના લખી હતી. અમેરિકાના ટાઇમ મેગેઝીનમાં હમણાં જ છપાઇ હતી. નવી દિલ્હીથી થોડું દૂરનું ગામડું છાલેરા-એક કલાકે મોટર રસ્તે આવે છે. તે ગામમાં પાણીના નળ બંધ થઇ ગયા. વીજળીના પંપ ઘર અને ખેતરમાં કે કારખાનાં વીજળી ગૂલ થતાં બંધ થઇ ગયા. તમે જુઓ છો કે કેવી ડામરની સડકને ઓગાળે તેવી ગરમી પડે છે. આ હાલતમાં વીજળી બંધ થાય છે. વ્યક્તિગત દાખલો લઇએ. જે ટાઇમ મેગેઝીને છેક ન્યુયોર્કમાં છાપ્યો છે.

મૈનાદેવીના બે બાળકો હતાં.વીજળીના અભાવે મીણબતીના અજવાળે બંનેને વાંચવું પડતું હતું. કારણ કે થોડા દિવસોમાં પરીક્ષા હતી. ટાઇમ મેગેઝીને કહ્યું હતું કે જગતનો તે સૌથી મોટો અપ્રતિમ બ્લેક આઉટ હતો. ભારતના 28 રાજ્યમાંથી 20 રાજ્યમાં વીળી ગાયબ હતી. હજારો મજૂરો કોલસાની ખાણમાં ફસાઇ ગયેલા. પ.બંગાળની સરકારે તુરંત રજા જાહેર કરી. તે વખતના નવી દિલ્હીના મોટા રાજકારણીથી માંડીને છાલેરાનો ગામડિયો પણ ગુસ્સો કરવા માંડ્યો. છાલેરાના એક પતિએ આ હાલતમાં ગુસ્સે થઇને ત્ની પત્ની ઉપર ગુસ્સો ઠાલવવા કુહાડી ઉગામી... પત્ની ભાગ્યશાળી કે તુરંત વીજળી આવી. જો ન આવી હોત તો? ખરેખર લેખની શરૂઆતમાં રોમન લેખક પીએટ્રો આર્ટીને ટાંકીને લખ્યું છે કે તેણે ક્રોધ ઉપર છ ગ્રંથ લખ્યા છે તે તમને હવે સાચું લાગશે.

(સૌજન્ય : ‘દિવ્ય ભાસ્કર’, 27-10-2018)

• • •



હું કામથી ક્યારેય થાકતો નથી.
કામને કોઈ મુલતવી રાખે ત્યારે
મને એનો થાક લાગે છે...

